| | |
|---|---|
| દાખલ તારીખ | ::–૧૧/૦૬/૨૦૨૬ |
| રજીસ્ટર તારીખ | ::–૧૧/૦૬/૨૦૨૬ |
| ફેસલ તારીખ | ::–૧૭/૦૬/૨૦૨૬ |
| સમયગાળો | ::–વર્ષ–૦૦, માસ–૦૦, દિવસ–૦૭ |

सत्यमेव जयते

---

**નર્મદા જીલ્લાનાં મહે.એડી.સેશન્સ જજ સાહેબની અદાલત સમક્ષ,**
**મુકામ–રાજપીપળા.**

---

**ફોજદારી પરચુરણ અરજી નં. ૨૧૫/૨૦૨૬**
**આંક:–૧૧**

અરજદાર:– રોહિત બી.પખાવાલા
ઉ.વ.૫૫, ધંધો–નિવૃત,
રહે.એ–૧૩૬,સમતા બંગ્લોઝ,૦૭ કલબની બાજુમાં,
સેલા,અમદાવાદ.(સરનામુ આંક ૧૦ ની પુરશીષ મુજબ લખેલ છે.)
હાલ–રાજપીપળા સબ જેલ.જી.નર્મદા

:– વિરૂદ્ધ –:

સામાવાળા/:– શ્રી સરકાર.

બી.એન.એસ.એસ.–૨૦૨૩ ની ક.૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન મેળવવા બાબત.

---

અરજદાર તરફે વિ.વ.શ્રી એસ.એ.લોહીયા
સામાવાળા તરફે વિ.પી.પી.શ્રી વી.આઈ.ભટ્ટ

---

::– **ચુકાદો** –::

૧) આ કામનાં અરજદાર/આરોપીની સી.આઈ.ડી.ક્રાઈમ વડોદરા ઝોન ગુ.ર.નં.૧૧૨૦૧૦૦૫૨૬૦૦૦૧/૨૦૨૬,આઈ.પી.સી.કલમ–૧૨૦(બી),૧૬૬,૨૧૯,૪૦૫,૪૦૬,૪૦૯ મુજબના ગુનાના કામે સી.આઈ.ડી.ક્રાઈમ પોલીસ વડોદરાએ તા.૪/૬/૨૦૨૬ ના રોજ ધરપકડ કરેલ છે અને તા.૫/૬/૨૦૨૬ ના રોજ વિ.ચીફ જયુ.મેજી.કોર્ટ,નર્મદા,મુ.રાજપીપળા સમક્ષ રજુ

કરી રીમાન્ડની માંગણી કરતા અને નામ.કોર્ટે તા.૮/૬/૨૦૨૬ ના કલાક ૦૫:૦૦ સુધીના રીમાન્ડ આપતા અને રીમાન્ડ સમય પુર્ણ થતા અરજદાર/આરોપીને ફરીથી નામ.કોર્ટ સમક્ષ રજુ કરતા અરજદાર/આરોપીએ વિ.ચીફ જ્યુ.મેજી.કોર્ટ,નર્મદા,મુ.રાજપીપળા સમક્ષ જામીન ઉપર મુકત થવા ફો.પ.અરજ નં.૨૩૩/૨૦૨૬ દાખલ કરતા નામ.કોર્ટે તા.૧૦/૬/૨૦૨૬ ના રોજ જામીન અરજી નામંજુર કરતો હુકમ કરતા અરજદાર/આરોપી ત્યારથી જ્યુ.કસ્ટડીમાં હોય જેથી અરજદાર/આરોપીએ બી.એન.એસ.એસ.ની કલમ ૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન મેળવવા હાલની આ જામીન અરજી દાખલ કરેલ છે.

૨) જામીન અરજીની નોટીશ સરકારશ્રી વતી મુખ્ય સરકારી વકીલશ્રીને બજતા વિ. પી.પી.શ્રી વી.આઈ.ભટ્ટ હાજર થયેલ છે અને સદર કામે આંક–૭ થી તપાસ કરનાર અમલદારે જામીન અરજી વિરૂધ્ધ પોતાનું સોગંદનામુ રજુ કરેલ છે.

૩) ત્યારબાદ અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી એસ.એ.લોહીયા તથા સરકારશ્રી તરફે વિ.પી.પી.શ્રી વી.આઈ.ભટ્ટની રૂબરૂ દલીલ સાંભળવામાં આવેલ છે.

૪) અરજદાર/આરોપી તરફે મુખ્યત્વે દલીલ કરવામાં આવેલ છે કે,અરજદાર/આરોપી તદન નિર્દોષ છે,તેઓએ કોઈ ગુન્હો કરેલ નથી, તેમ છતા અરજદાર/આરોપીને આવા ગંભીર પ્રકાર નાં ગુન્હામાં ખોટી રીતે સંડોવી દીધેલ છે. વધુમાં અરજદાર/આરોપી સને ૨૦૦૮ માં નાંદોદ તાલુકા માં મામલતદાર તરીકે ફરજ પર હતા પરંતુ આ તેમની ફરજનો પ્રોબેશન પીરીયડએટલે કે અજમાયશી પીરીયડ હતો અને તે કારણસર તેઓને પુરતો અનુભવ અને જ્ઞાન ન હોવાના કારણે શુધ્ધબુધ્ધિની શરતચુકની ભુલ થયેલ હોવા સંભવ છે.વધુમાં અરજદાર/આરોપી વિરુધ્ધ તે બનાવ સમયે મામલતદાર તરીકે એટલે કે પી.સી.એકટ ૧૯૮૮ ની કલમ ૨ મા જણાવ્યા મુજબ પબ્લિક સર્વન્ટ હોવા છતા તેને આ ગુનાના અન્ય આરોપીઓ આરોપી નં.૨ તથા ૩ નાઓ સાથે એકબીજાની મેલાપીપણામા પોતાના હોદાનો તથા સત્તાનો અપ્રમાણીક ઈરાદાસર દુરુપયોગ પોતાને તથા અન્ય આરોપીઓને ગેરકાયદેસર રીતે અંગત લાભ પહોચાડવા માટે કરેલ હોવાનો આક્ષેપ કરવામા આવેલ છે અને અરજદાર/આરોપીએ મોજે ગામ બખર,તા.ગરૂડેશ્વર ની સીમની જુના સ.નં.૩૩,૩૫,૪૧,૪૨ ના ખાતેદાર ખેડુત ગોરધનભાઈ જેઠાભાઈ પટેલ અને કમળાબેન

દેસાઈભાઈ પટેલ હોવા છતા ગોરધનભાઈ જેઠાભાઈ પટેલે પોતાના હિસ્સાની આ ખેતીની જમીન તથા અન્ય મિલકત આરોપી નં.ર જયોતીન્દ્ર શાંતીલાલ પટેલ રહે.જેતલપુર, તા.જી.વડોદરાવાળાને આપવા માટે તા.૨૧/૧૨/૧૯૮૯ ના રોજ નોટરી રુબરુ વીલ કરી આપેલ અને ગોરધનભાઈના અવસાન બાદ આરોપી નં.ર જીતેન્દ્રભાઈ પટેલે વીલના આધારે ફરીયાદવાળી જમીનના રેવન્યુ રેકર્ડમા પોતાનુ નામ દાખલ કરવા એન્ટ્રી નં.૫૦૪ તા.૧૫/૬/૧૯૯૯ ના રોજ દાખલ કરાવેલ હતી પરંતુ જમીન સયુંકત માલીકીની હોય તેમજ સહખાતેદારની કોઈ સંમતી લીધેલ ન હોય તેવા કારણસર મામલતદારશ્રી,નાંદોદે એન્ટ્રી નામંજુર કરેલી ત્યારબાદ ત્રાહિત વ્યકિત એટલે કે આરોપી નં.૩ કાંતીલાલ રામસ્વરૂપ શાહ રહે.ગરૂડેશ્વરનાઓએ પોતે આ જમીન તેના માલીક પાસેથી ખરીદ કરવા માંગે છે માટે તા.૨૧/૧૨/૧૯૮૯ ના વીલના આધારે ફરીયાદવાળી જમીનના રેવન્યુ રેકર્ડમાં આરોપી નં.ર જયોતીન્દ્રભાઈ પટેલનુ નામ દાખલ કરવા નોંધ પાડવા તા.૨૨/૯/૨૦૦૮ ના રોજ અરજી આપેલ જે અરજીના આધારે ઈ–ધારા કેન્દ્રએ તા.૭/૧૦/૨૦૦૮ ના રોજ એન્ટ્રી નં.૬૭૦ પાડેલી જે એન્ટ્રી અરજદાર/આરોપીએ મામલતદાર તરીકે તા.૧૦/૧૨/૨૦૦૮ ના રોજ પ્રમાણીત કરી મંજુર કરેલ,આમ અગાઉ એન્ટ્રી નં.૫૦૪ અગાઉના મામલતદારશ્રીએ નામંજુર કરેલ હોવા છતા તેમજ તેના વિરુધ્ધ લે.રે.કોડની જોગવાઈ મુજબ કોઈ અપીલ કે રીવીઝન દાખલ કરેલ ન હોવા છતા અરજદાર/આરોપીએ કોઈપણ જાતના વ્યાજબી કારણ વગર ફરીથી દાખલ થયેલ નોંધ મંજુર કરી ફરીયાદવાળી જમીનના રેવન્યુ રેકર્ડમાંથી મુળ માલીકો ગોરધનભાઈ પટેલ તથા કમળાબેન પટેલના નામો કમી કરી એકમાત્ર આરોપી નં.ર જયોતીન્દ્રભાઈ પટેલનુ નામ દાખલ કરી દઈ સરકારી કર્મચારી તરીકે પોતાનો હોદા અપ્રમાણીક ઈરાદાસર દુરુપયોગ કરી ફરીયાદવાળી જમીનો પોતાને તથા આરોપી ન.ર તથા ૩ ને અંગત લાભ પહોચાડવા માટે મુળ માલીકોના નામ કમી કરી દઈ આરોપી નં.ર ના નામે જમીન દાખલ કરી દીધેલ હોવાનો આક્ષેપ કરવામા આવેલ છે અને તે રીતે ફરીયાદવાળી જમીન એટલે કે નવા સ.નં.૩૩–અ,૩૩–બ,૩૫,૪૧,૪૨–અ,૪૨–બ ના રેવન્યુ રેકર્ડમાં આરોપી નં.ર નુ નામ ખાતેદાર ખેડુત તરીકે દાખલ કરી દીધેલ.વધુમા આરોપી નં.ર તે ખાતેદાર ખેડુત છે કે કેમ ? તેમજ જમીનને ટુકડાધારાનો બાધ નડે છે કે કેમ ? તેની કોઈ ખાતરી તપાસ કર્યા વગર આરોપી નં.ર બીનખેડુતનુ નામ જમીનના રેવન્યુ રેકર્ડમા દાખલ કરી દીધેલ

અને ત્યારબાદ અરજદાર/આરોપી તથા આરોપી નં.૨,૩ નાએ એકબીજાના મેળાપીપણામા સ.નં.૩૩–અ ની જમીન ૨.વે.દસ્તાવેજ નં.૩૪૩/૨૦૧૦ તા.૨૩/૩/૨૦૧૦ થી તથા સ.નં. ૩૩–બ,૩૫,૪૧,૪૧–અ,૪૧–બ ની જમીન રજી.વેચાણ દસ્તાવેજ નં.૩૫૪/૨૦૧૦ તા.૨૫/૩/૨૦૧૦ થી આરોપી નં.૨ નાએ આરોપી નં.૩ કાંતીલાલ રામસ્વરૂપ શાહને વેચાણ આપી દીધેલ છે અને આરોપી નં.૩ કાંતીલાલ શાહ પણ બીન ખેડુત હોવા છતા આ રજી.વેચાણ દસ્તાવેજના આધારે એન્ટ્રી નં.૭૨૦ અને ૭૨૧ રેવન્યુ રેકર્ડમા પાડી તે પ્રમાણીત કરી દેવામા આવેલ છે,ત્યારબાદ ત્રાહિત વ્યકિત એટલે કે કાંતીલાલ મહેતા રહે.વડોદરાનાઓએ તા.૨૫/૧૧/૨૦૧૭ તથા તા.૧૦/૧૧/૨૦૧૯ ના રોજ આ જમીનના વ્યવહારમા ગંભીર ગેરરીતીઓ આચરવામા આવેલ છે અને તેની તપાસ કરવા માટે ફરીયાદ સરકારશ્રીને કરતા મહેસુલ વિભાગ ધ્વારા તપાસ કરવા માટે સીટ નું આયોજન કરવામા આવેલ તેમજ તા.૧૦/૧૧/૨૦૧૯ ની અરજી અન્વયે મુદા વાઈઝ તપાસ કરી અહેવાલ મોકલી આપવા માટે કલેકટરશ્રી નર્મદાને હુકમ કરેલ જેના આધારે કલેકટરશ્રી નર્મદાનાઓએ રેવન્યુ એન્ટ્રી નં.૬૭૦,૭૨૦,૭૨૧ સ્યુમોટો રીવીઝનમા લઈ રીવીઝન અરજી નં.૧/૨૦૨૦ દાખલ કરી તેઓના તા.૯/૩/૨૦૨૧ ના હુકમથી દાખલ થયેલ નોંધ નામંજુર કરવામા હુકમ કરેલ તેમજ આવી નોંધ નામંજુર કરી આક્ષેપિતો એટલેકે આરોપી નં.૨ અને ૩ બીનખેડુત હોય તેઓની વિરુધ્ધ ગણોતધારાની કલમ ૮૪(સી) તથા ૬૩ (એડી) હેઠળ કાર્યવાહી કરવા મામલતદારશ્રી ગરૂડેશ્વર ને હુકમ કરેલ જેના અનુસંધાને મામલતદારશ્રી ગરૂડેશ્વરનાઓએ ટેનન્સી કેસ નં.૧૨/૨૦૨૧ દાખલ કરી આક્ષેપિતો ને નોટીસ ઈસ્યુ કરેલ જેમા એક આક્ષેપિતે હાજર થઈ જવાબ રજુ કરેલ જયારે બીજો આક્ષેપિત હાજર થયેલ ન હતો ત્યારબાદ મામલતદારશ્રીએ તા.૨૭/૯/૨૦૨૧ ના રોજ આરોપી ન.૨ ને રૂા.૭૩,૯૩,૨૦૦/– તથા આરોપી નં.૩ ને રૂા.૫૫,૪૫,૯૫૦/– દંડ ભરપાઈ કરવા માટે હુકમ કરેલ જેથી કલેકટરશ્રીએ તા.૯/૩/૨૦૨૧ ના રોજ જે નોંધ નામંજુર કરતો હુકમ કરેલ હતો તેના વિરુધ્ધ આરોપી નં.૩ નાએ ખાસ સચિવશ્રી,મહેસુલ વિભાગ(વિવાદ), અમદાવાદ સમક્ષ અપીલ દાખલ કરેલ જે અપીલ ખાસ સચિવશ્રીએ તા.૪/૮/૨૦૨૩ ના રોજ નામંજુર કરી કલેકટરશ્રીનો હુકમ કાયમ કરવા હુકમ કરેલ છે,આમ ત્રાહીત વ્યકિત કમલેશ કૃષ્ણકાંત મહેતા રહે.વડોદરાની

બે અરજીઓ અન્વયે કલેકટરશ્રીએ તપાસ કરી તા.૧/૯/૨૦૨૦,૨/૬/૨૦૨૧,૨૦/૧/૨૦૨૨, ૨૧/૧/૨૦૨૩ અને તા.૧/૧૧/૨૦૨૫ ના રોજ અહેવાલ તૈયાર કરી જે મહેસુલ વિભાગ ગુજરાત રાજયને મોકલી આપેલ જેના આધારે શંકાસ્પદ વીલથી ૧૮ વર્ષ જેટલા વિલંબ બાદ ત્રાહીત પક્ષકારની અરજીના આધારે અરજદાર/આરોપીએ પોતાના હોદાનો દુરુપયોગ કરી અપ્રમાણીક ઈરાદાસર પોતાને તથા આરોપી નં.૨,૩ ને અંગત લાભ પહોચાડવાના ઈરાદાથી આરોપી નં.૨ જન્મજાત ખાતેદાર ખેડુત ન હોવા છતા તેની ચકાસણી કર્યા વગર તેમજ ગણોતધારાની જોગવાઈઓ,સરકારશ્રીના ઠરાવો અને પરીપત્રો તેમજ જમીન ટોચ મર્યાદા ધારા અને ટુકડાધારાની જોગવાઈઓ ધ્યાને લીધા વગર ગેરરીતી આચરી ગેરકાયદેસર નોંધ પાડી સરકારશ્રીને રૂા.૧,૨૯,૩૯,૧૫૦/–નુ નુકશાન કરી ગુનાહીત વિશ્વાસઘાત કરી ગંભીર ગેરરીતી આચરેલ હોવાનો આક્ષેપ કરવામા આવેલ છે પરંતુ રેવન્યુ રેકર્ડમાં મ્યુટેશન એન્ટ્રી પાડવાનુ કામ તે કવોસી જયુડીશીયલ વર્ક છે અને આવા હુકમ સામે લે.રે.કોડની કલમ ૨૦૩ અને જમીન મહેસુલ નિયમ ૧૦૮(૫) મુજબ અપીલ તથા રીવીઝનની જોગવાઈ થયેલ છે માટે આવા હુકમમાં કોઈ ક્ષતિ હોય તો તે સુધારવા માટેની પુરતી તક રહેલ છે.વધુમાં આવી મ્યુટેશન એન્ટ્રી પાડયા બાદ અને તે મંજુર થતા પહેલા કલમ ૧૩૫(ડી)ની નોટીશ પણ હિત ધરાવનાર વ્યકિતને બજાવવામા આવતી હોય છે અને વાંધા લેવા દિન–૩૦ નો સમય પણ આપવામા આવતો હોય છે અને ત્યારબાદ એન્ટ્રી પ્ર માણીત કરવામા આવતી હોય છે ત્યારે કોઈએ પણ વાંધા ન લેતા એન્ટ્રી જે પ્રમાણીત કરેલ છે તે અપ્રમાણીક ઈરાદાસર અને અંગત લાભ પહોચાડવાના ઈરાદાથી ગુનાહીત વિશ્વાસઘાત કરી પ્રમાણીત કરેલ હોવાનુ માની શકાય નહી.વધુમાં અરજદાર/આરોપી દ્વારા તેના પ્રોબેશન પીરીયડ દરમ્યાન જે ગેરરીતીઓ આચરવામા આવેલ હતી તે સંબંધે મહેસુલ વિભાગ, ગુજરાત રાજય, ગાંધીનગર દ્વારા ઈન્કવાયરી હાથ ધરવામા આવેલ હતી અને તે ઈન્કવાયરીનાં અંતે આચરેલ ગેરરીતી માટે માત્ર ઠપકો આપવામા આવેલ છે.વધુમાં ત્યારબાદ અરજદાર/આરોપી ને નોકરીમાથી ફરજીયાત નિવૃત કરી દેવામા આવેલા છે અને હાલ અરજદાર/આરોપી તે આંક ૧૦ ની પુરશીષમા દર્શાવેલ સરનામે અમદાવાદ મુકામે રહી પોતાનુ નિવૃત જીવન વ્યતિત કરી રહેલા છે તેથી નાશી ભાગી જવાની કોઈ શકયતા રહેલ નથી.ફરીયાદપક્ષનો કેસ મુખ્યત્વે દસ્તાવેજી પુરાવા પર

આધારીત હોય તેથી શાક્ષી પુરાવા તોડવા ફોડવાની કોઈ શકયતા રહેલ નથી.વધુમાં અરજદાર/ આરોપી તા.૮/૬/૨૦૨૬ થી જયુ.કસ્ટડીમાં છે અને તેમના ઉપર તેમના સંપુર્ણ પરીવારના ભરણપોષણની જવાબદારી રહેલ છે તેમજ તપાસ પુર્ણ થતા,ચાર્જસીટ થતા અને કેસનો ગુણદોષ પર નિર્ણય થતા ઘણો સમય લાગે તેમ હોય તેવા અરજદાર/આરોપીની રેગ્યુલર જામીન અરજી મંજુર કરવા ભારપુર્વક વિનંતી કરેલ છે.

૫) જયારે સામાપક્ષે સરકારશ્રી તરફે મુખ્યત્વે દલીલ કરતા જણાવેલ છે કે, આ કામના અરજદાર/આરોપી તે બનાવ સમયે નાંદોદ તાલુકો કે જયારે ગરૂડેશ્વર તાલુકાના અસ્તિત્વ ન હતુ અને ગરૂડેશ્વર વિસ્તાર નાંદોદ તાલુકામા સમાવેશ થતો હતો તે સમયે અરજદાર/આરોપીએ પોતે મામલતદાર તરીકે પી.સી.એકટ ૧૯૮૮ ની કલમ ૨ મુજબ તેઓ રાજય સરકારના કાયમી સરકારી કર્મચારી એટલે કે પબ્લિક સર્વન્ટ હોવા છતા અને પબ્લિક સર્વન્ટ તરીકે મામલતદારના હોદા પર ફરજ બજાવતા નિયમો,જોગવાઈઓ,પરીપત્ર અને ઠરાવોને અનુસરી પોતાની ફરજ બજાવવાની અરજદાર/આરોપીની કાયદેસર ફરજ હોવા છતા અરજદાર/આરોપી એ મામલતદાર તરીકેના પોતાના હોદાનો અપ્રમાણીક ઈરાદાસર દુરુપયોગ કરી અંગત લાભ મેળવવાના હેતુથી આ ગુનાન મુખ્ય સુત્રધાર તરીકે આરોપી નં.૨ તથા ૩ સાથે મળી ગુનાહીત કાવતરુ રચી ગુનાને અંજામ આપેલ છે.વધુમાં અરજદાર/આરોપી વિરુધ્ધ મામલતદાર નાંદોદ તરીકે તેઓએ આવા પ્રકારના અસંખ્ય ગુનાઓ હોદાનો દુરુપયોગ કરી અંગત લાભ મેળવવા માટે આચરેલા હોય તે સંબંધે મહેસુલ વિભાગ,ગુજરાત રાજય,ગાંધીનગર ધ્વારા કલેકટરશ્રી મારફતે વિગતવારની ઈન્કવાયરી કરાવવી ઈન્ક.ના રીપોર્ટના આધારે અરજદાર/આરોપી વિરુધ્ધ ખાતાકીય તપાસ હાથ ધરી તેઓએ આચરેલ ગંભીર ગેરીરીતીઓને ધ્યાનમા લઈ અરજદાર/ આરોપીને ફરજમાથી બરતરફ કરી દેવામા આવેલા છે.વધુમાં ફરીયાદ મુજબનો ગુનો અરજદાર/ આરોપીએ આરોપી નં.૨ જયોતીન્દ્ર પટેલ અને આરોપી નં.૩ કાંતીલાલ શાહ સાથે મળી આચરવામા આવેલ છે જેમા ખાતેદાર ખેડુત ગોરધનભાઈ પટેલ અને કમળાબેન પટેલ બંને ગામ બખર તા.નાંદોદના જુના સ.નં.૩૩,૩૫,૪૧,૪૨ ના તેઓ કાયદેસરના માલીક અને ખાતેદાર ખેડુત હોવા છતા અને ગોરધનભાઈ પટેલે તેના હિસ્સાનુ નોટરાઈઝ વીલ જે શંકાસ્પદ છે તેવુ વીલ આરોપી નં.૨

જયોતીન્દ્ર પટેલની તરફેણમા કરી આપેલ છે તેમ જણાવી આરોપી નં.ર ધ્વારા આ જમીનના રેવન્યુ રેકર્ડમા પોતાનુ નામ ખાતેદાર તરીકે દાખલ કરવાનો પ્રથમ પ્રયત્ન તા.ર૧/૧ર/૧૯૮૯ ના વીલના આધારે તા.૧૫/૬/૧૯૯૯ ના રોજ કરવામા આવેલ અને સૌ પ્રથમ એન્ટ્રી નં.૫૦૪ પડાવવામા આવેલ હતી પરંતુ જે તે સમયના મામલતદારશ્રીએ જમીન સયુંકત માલીકીની છે અને સહ ખાતેદારની કોઈ સંમતી નથી તેમ ઠરાવી એન્ટ્રી નામંજુર કરતો હુકમ કરેલ અને આવી હકીકત રેકર્ડ પર હોવા છતા અને આવો હુકમ લે.રે.કોડની કલમ ર૦૩ અને નિયમ ૧૦૮(૫) મુજબ અપીલ અને રીવીઝનને પાત્ર હોવા છતા અને તેના વિરુધ્ધ આરોપી નં.ર જયોતીન્દ્ર પટેલે કોઈ અપીલ કે રીવીઝન કરેલ ન હોવા છતા અને એન્ટ્રી નામંજુર કરવાના હુકમમાં કોઈ ફેરફાર થયેલ ન હોવા છતા તેના અંદાજે નવ વર્ષ બાદ એટલે કે તા.૭/૧૦/ર૦૦૮ ના રોજ ફરી વખત આ જમીનના રેવન્યુ રેકર્ડમા આરોપી નં.ર નુ નામ ખાતેદાર ખેડુત તરીકે દાખલ કરવા માટે પ્રયત્ન કરતા નોંધ નં.૬૭૦ પાડવામા આવેલ હતી.વધુમાં આવી નોંધ તે આરોપી નં.ર ની અરજીના આધારે નહી પરંતુ આરોપી નં.૩ ત્રાહીત વ્યકિત જે આ જમીન ખરીદવા માંગે છે તેઓની અરજીના આધારે પાડવામા આવેલ હતી અને આ નોંધ અરજદાર/આરોપીએ અગાઉ નોંધ નામંજુર થયેલ છે, તેના વિરુધ્ધ રીવીઝન કે અપીલ દાખલ થયેલ નથી કે અગાઉના હુકમમાં કોઈ ફેરફાર થયેલ નથી તેમ છતા કાયદો અને નિયમોની જોગવાઈઓને બાયપાસ કરી અરજદાર/આરોપીએ પોતાના હોદાનો અપ્રમાણીકપણે દુરુપયોગ કરી અંગત લાભ મેળવવા અને પહોચાડવાના એકમાત્ર ઈરાદાસર તા.૧૦/૧ર/ર૦૦૮ ના રોજ તેઓએ નોંધ મંજુર કરવા હુકમ કરેલો છે એટલુ જ નહી પરંતુ વીલ માત્ર ગોરધનભાઈ પટેલે કરેલ હોવા છતા જમીનના રેવન્યુ રેકર્ડમાથી કમળાબેન પટેલનુ નામ પણ કમી કરી દીધેલ છે અને એકમાત્ર ખાતેદાર ખેડુત તરીકે આરોપી નં.ર નુ નામ દાખલ કરી દીધેલ છે અને ત્યારબાદ અરજદાર/આરોપી તથા આરોપી નં.ર,૩ નાઓએ એકબીજાના મેળાપીપણામા રજી.વે.દ.નં.૩૪૩/ર૦૧૦ તા.ર૩/૩/ર૦૧૦ તથા રજી.વે.દ.નં.૩૫૪/ર૦૧૦ તા.ર૫/૩/ર૦૧૦ થી ફરીયાદવાળી જમીન આરોપી ન.ર નાએ આરોપી નં.૩ ને વેચાણ આપી દીધેલ છે અને તે દસ્તાવેજોના આધારે રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નં.૭ર૦ અને ૭ર૧ પડાવી જમીનના રેવન્યુ રેકર્ડમા આરોપી નં.૩ નુ નામ દાખલ કરાવી દીધેલ છે.વધુમાં આ એન્ટ્રીઓ પાડતી

વખતે આરોપી નં.૩ કાંતીલાલ શાહ જે ખાતેદાર ખેડુત છે કે કેમ ? તેની પણ તપાસ કરવામા આવેલ નથી તેથી અરજદાર/આરોપી તથા આરોપી નં.ર,૩ નાએ એકબીજાના મેળાપીપણામા અંગત લાભ મેળવવા માટે જે સ્કેન્ડલ ઉભુ કરેલ હતુ તેનો ઘટસ્ફોટ વડોદરાના રહેવાસી ત્રાહીત વ્યકિત કમલેશ કૃષ્ણકાંત મહેતાએ તા.૨૫/૧૧/૨૦૧૭ અને તા.૧૦/૬/૨૦૧૯ ના રોજ મહેસુલ વિભાગ સરકારશ્રીને તે અંગેની અરજીઓ કરી તપાસ કરવા માટે માંગણી કરતા તે અરજીઓના આધારે મહેસુલ વિભાગે તપાસ કરવા માટે સીટ ની રચના કરેલ તેમજ કલેકટરશ્રી નર્મદાને અરજી મુજબ મુદા વાઈઝ તપાસ કરી અહેવાલ રજે કરવા માટે આદેશ કરતા કલેકટરશ્રીએ તા.૧/૯/૨૦૨૦,૨/૬/૨૦૨૧,૨૦/૧/૨૦૨૨,૨૫/૧/૨૦૨૩ અને ૧/૧૧/૨૦૨૫ ના રોજ તપાસ કરી મહેસુલ વિભાગને અહેવાલો પાઠવેલા છે.વધુમાં કલેકટરશ્રીએ તપાસ દરમ્યાન એન્ટ્રી નં.૬૭૦,૭૨૦ અને ૭૨૧ ની સત્યતાની ખાતરી કરવા માટે સ્યુમોટો રીવીઝન કેસ નં.૧/૨૦૨૦ દાખલ કરેલ અને તે અન્વયે જરુરી કાર્યવાહી કરી તા.૯/૩/૨૦૨૧ ના રોજ આ નોંધ ગેરીરીતી આચરી પાડવામા આવેલ હોય નામંજુર કરવા તેમજ આરોપી નં.ર અને ૩ બીનખેડુત હોવા છતા તેઓએ પોતાના નામે જમીનમા ખાતેદાર ખેડુત તરીકે એન્ટ્રી પડાવી લીધેલ હોય જેથી ગણોતધારાની કલમ ૮૪(સી) તથા સુધારેલ કાયદા મુજબ કલમ ૬૩(એડી) મુજબ આરોપી નં.ર,૩ વિરુધ્ધ અલગથી કાર્યવાહી કરવા મામલતદારશ્રી ગરૂડેશ્વરને હુકમ કરેલ જેના અનુસંધાને મામલતદારશ્રી ગરૂડેશ્વરનાઓએ ટેનન્સી કેસ નં.૧૨/૨૦૨૧ દાખલ કરી આરોપી નં.ર,૩ ને નોટીશ ઈસ્યુ કરેલ જે પૈકી એક આરોપીએ હાજર થઈ લેખીત જવાબ રજુ કરેલ જયારે અન્ય આરોપી હાજર થયેલ ન હતા ત્યારબાદ મામલતદારશ્રીએ તા.૨૯/૯/૨૦૨૧ નારોજ આરોપી નં.ર ને રૂા.૭૩,૯૩,૨૦૦/- તથા આરોપી નં.૩ ને રૂા.૫૫,૪૫,૯૫૦/-તેમ કુલ રૂા.૧,૨૯,૩૯,૧૫૦/-નો દંડ એક માસમા સરકારશ્રીમા ભરવા માટે હુકમ કરેલ જે તેઓએ ભરપાઈ કરેલ નથી.વધુમાં આરોપી નં.ર,૩ નાએ કલેકટરશ્રી નર્મદાનાઓએ એન્ટ્રી નં. ૬૭૦,૭૨૦,૭૨૧ નામંજુર કરતો હુકમ કરેલ તેના વિરુધ્ધ ખાસ સચિવ,મહેસુલ વિભાગ (વિવાદ),અમદાવાદમા અપીલ દાખલ કરેલ જે અપીલ પણ ખાસ સચિવશ્રીએ તા.૪/૮/૨૦૨૩ ના રોજ નામંજુર કરતો હુકમ કરેલ છે.વધુમાં અરજદાર/આરોપી તથા આરોપી નં.ર,૩

નાએ ગુનાહીત કાવતરુ રચી આરોપી નં.૧ નાએ પોતે મામલતદાર જાહેર સેવક હોવા છતા અપ્રમાણીક ઈરાદાસર પોતાના હોદાનો દુરુપયોગ કરી પોતાને તથા આરોપી નં.૨,૩ ને અંગત લાભ પહોચાડવા માટે ગુનાહીત કૃત્ય આચરેલ છે તેવા સંજોગોમા એન્ટ્રી નામંજુર કરતા હુકમ સામે અપીલ તથા રીવીઝનની જોગવાઈ થયેલ છે  માટે અરજદાર/આરોપીના કૃત્યને ગુનાહીત કૃત્યમા ખપાવી શકાય નહી તેવી અરજદાર/આરોપીની રજુઆત વ્યાજબી જણાય આવતી નથી. વધુમાં આરોપી નં.૨ નાએ આરોપી નં.૩ વિરુધ્ધ ફરીયાદવાળી જમીનના બોગસ દસ્તાવેજો કરાવી લેવા માટે ગરુડેશ્વર પો.સ્ટે.મા ફરીયાદ દાખલ કરેલ છે અને તેનો ફોજદારી કેસ ગરુડેશ્વર કોર્ટમા પેન્ડિંગ છે. તે જ રીતે આ બંને આરોપીઓ વચ્ચે ગરૂડેશ્વર કોર્ટમા દિવાની દાવો દાખલ થયેલ છે અને તેમા પક્ષકારો વચ્ચે સમાધાન થઈ ગયેલ છે તેવી રજુઆત પણ અરજદાર/આરોપી તરફે કરવામા આવેલ છે પરંતુ તે બતાવતા કોઈ દસ્તાવેજી પુરાવા અરજદાર/આરોપી તરફે રજુ કરવામા આવેલ નથી.વધુમાં અરજદાર/આરોપી તે જે તે સમયે મામલતદાર એટલે કે સરકારી કર્મચારી જાહેર સેવક હોવા છતા તેને આરોપી નં.૨ તથા ૩ સાથે મળી અપ્રમાણીક ઈરાદાસર ગુનાહીત કાવતરુ રચી પોતાના હોદાનો દુરુપયોગ કરી ફરીયાદવાળી જમીન ગેરકાયદેસર રીતે એન્ટ્રી પાડી પ્રથમ આરોપી નં.૨ ના નામ પર તે ખેડુત ન હોવા છતા ખાતેદાર ખેડુત તરીકે ચડાવી દીધેલ અને ત્યારબાદ આરોપી નં.૨ નાએ આરોપી નં.૩ ખેડુત ન હોવા છતા તેને રજી.વેચાણ દસ્તાવેજથી જમીન વેચી નાખી તેના નામની રેવન્યુ રેકર્ડમા એન્ટ્રી પડાવી ખાતેદાર ખેડુત તરીકે તેમના નામે જમીન કરી દઈ અરજદાર/આરોપીએ આરોપી નં.૨ ,૩ સાથે મળી ગુનાહીત વિશ્વાસઘાત કરી અંગત લાભ મેળવેલ છે અને તેથી પી.સી.એકટ ૧૯૮૮(૨૦૧૮ ના સુધારેલ કાયદા મુજબ) ની કલમ ૧૩(૧)(ડી) તથા ૭(એ) મુજબનો ગુનાહીત કૃત્ય આચરેલ છે અને પી.સી.એકટની કલમ ૨ માં પબ્લિક સર્વન્ટની જે વ્યાખ્યા કરેલ છે તેમા અરજદાર/આરોપીનો સમાવેશ થાય છે અને તેથી ત.ક.અમલદારે તેના ઉપરી અધિકારી એટલે કે પોલીસ મહાનિર્દેશક સી.આઈ.ડી.ક્રાઇમ એન્ડ રેલ્વેઝ ગુજરાત રાજય ગાંધીનગરને તા.૧૫/૬/૨૦૨૬ ના રોજ આ કલમોનો ઉમેરો કરવા માટે વિ.ચીફ જયુ.મેજી.કોર્ટ રાજપીપળાને જરુરી રીપોર્ટ કરવા મંજુરી માંગેલ છે અને તે અરજીની ઓફીસ કોપી ત.ક.અમલદારે માર્ક ૯/૧ થી રજુ કરેલ છે તેવા સંજોગોમાં અરજદાર/આરોપી અન્ય

આરોપીઓ સાથે ગુનાહીત કાવતરુ રચી ગંભીર ગુનામાં સંડોવાયેલ હોય અને હાલ તપાસ મહત્વના તબકકા પર પેન્ડિંગ છે ત્યારે અરજદાર/આરોપીને જામીન મુકત કરતા તે મહત્વના સાહેદો જેવા કે કમળાબેન દેસાઈભાઈ પટેલ તથા ગોરધનભાઈ જેઠાભાઈ પટેલના વારસદારોને તોડવા ફોડવાની તેમજ તપાસ પ્રભાવિત કરવાની પુરેપુરી શકયતા રહેલ હોય તેમજ આ ગુનાના અન્ય બે આરોપીઓ જયોતીન્દ્રભાઈ પટેલ અને કાંતીભાઈ દેસાઈ ગુનો દાખલ થયા ત્યારથી સતત નાસતા ફરતા રહેલા છે અને પોતાની ધરપકડ ટાળતા રહેલા છે તેવા સંજોગોમાં અરજદાર/આરોપીને જામીન મુકત કરતા તેઓ અન્ય આરોપીઓ સાથે મળી તપાસ પ્રભાવિત કરે તેવી પુરેપુરી શકયતા રહેલ હોય તેમજ ગુનાની ગંભીરતા અને સજાની જોગવાઈ ઘ્યાને લેતા તેઓની નાશીભાગી જવાની પણ શકયતા રહેલ હોય જામીન અરજી નામંજુર કરવા ભારપુર્વક વિનંતી કરેલ છે.

૬) જામીન અરજી તે સાથે રજુ થયેલ દસ્તાવેજો,ત.ક.અમલદારનુ સોગંદનામુ,આરોપી તરફે રજુ થયેલ દસ્તાવેજો વંચાણે લેતા તેમજ તે સાથે બંને પક્ષકારોના વિ.વકીલશ્રીઓની પરસ્પર વિરોધી દલીલો ઘ્યાને લેતા સ્પષ્ટ થાય છે કે,ફરીયાદ મુજબનો બનાવ તા.૨૨/૯/૨૦૦૮ ના કલાક ૦૦:૦૦ થી તા.૧૦/૧૨/૨૦૦૮ ના કલાક ૨૩:૫૯ વાગ્યા દરમ્યાન મોજે મામલતદાર કચેરી નાંદોદ તથા ગામ બખર તા.નાંદોદ,જી.નર્મદાની જુના સ.નં.૩૩,૩૫,૪૧,૪૨ ની જમીનમા બનવા પામેલ છે જેમા અરજદાર/આરોપી તે બનાવ સમયે નાંદોદ તાલુકો કે જયારે ગરૂડેશ્વર તાલુકાના અસ્તિત્વ ન હતુ અને ગરૂડેશ્વર વિસ્તાર નાંદોદ તાલુકામા સમાવેશ થતો હતો તે સમયે અરજદાર/આરોપીએ પોતે મામલતદાર તરીકે પી.સી.એકટ ૧૯૮૮ ની કલમ ૨ મુજબ તેઓ રાજય સરકારના કાયમી સરકારી કર્મચારી એટલે કે પબ્લિક સર્વન્ટ હોવા છતા અને પબ્લિક સર્વન્ટ તરીકે મામલતદારના હોદા પર ફરજ બજાવતા નિયમો,જોગવાઈઓ,પરીપત્ર અને ઠરાવોને અનુસરી પોતાની ફરજ બજાવવાની અરજદાર/આરોપીની કાયદેસર ફરજ હોવા છતા અરજદાર/આરોપી એ મામલતદાર તરીકેના પોતાના હોદાનો અપ્રમાણીક ઈરાદાસર દુરુપયોગ કરી અંગત લાભ મેળવવાના હેતુથી આ ગુનાન મુખ્ય સુત્રધાર તરીકે આરોપી નં.૨ તથા ૩ સાથે મળી ગુનાહીત કાવતરુ રચી ગુનાને અંજામ આપેલ છે.વધુમાં અરજદાર/આરોપી વિરુધ્ધ મામલતદાર નાંદોદ તરીકે તેઓએ આવા પ્રકારના અસંખ્ય ગુનાઓ હોદાનો દુરુપયોગ કરી અંગત લાભ મેળવવા

માટે આચરેલા હોય તે સંબંધે મહેસુલ વિભાગ,ગુજરાત રાજય,ગાંધીનગર ધ્વારા કલેકટરશ્રી મારફતે વિગતવારની ઈન્કવાયરી કરાવવી ઈન્ક.ના રીપોર્ટના આધારે અરજદાર/આરોપી વિરુધ્ધ ખાતાકીય તપાસ હાથ ધરી તેઓએ આચરેલ ગંભીર ગેરીરીતીઓને ધ્યાનમા લઈ અરજદાર/ આરોપીને ફરજમાથી બરતરફ કરી દેવામા આવેલા છે.વધુમાં ફરીયાદ મુજબનો ગુનો અરજદાર/ આરોપીએ આરોપી નં.ર જયોતીન્દ્ર પટેલ અને આરોપી નં.૩ કાંતીલાલ શાહ સાથે મળી આચરવામા આવેલ છે જેમા ખાતેદાર ખેડુત ગોરધનભાઈ પટેલ અને કમળાબેન પટેલ બંને ગામ બખર તા.નાંદોદના જુના સ.નં.૩૩,૩૫,૪૧,૪ર ના તેઓ કાયદેસરના માલીક અને ખાતેદાર ખેડુત હોવા છતા અને ગોરધનભાઈ પટેલે તેના હિસ્સાનુ નોટરાઈઝ વીલ જે શંકાસ્પદ છે તેવુ વીલ આરોપી નં.ર જયોતીન્દ્ર પટેલની તરફેણમા કરી આપેલ છે તેમ જણાવી આરોપી નં.ર ધ્વારા આ જમીનના રેવન્યુ રેકર્ડમા પોતાનુ નામ ખાતેદાર તરીકે દાખલ કરવાનો પ્રથમ પ્રયત્ન તા.ર૧/૧ર/૧૯૮૯ ના વીલના આધારે તા.૧૫/૬/૧૯૯૯ ના રોજ કરવામા આવેલ અને સૌ પ્રથમ એન્ટ્રી નં.૫૦૪ પડાવવામા આવેલ હતી પરંતુ જે તે સમયના મામલતદારશ્રીએ જમીન સયુંકત માલીકીની છે અને સહ ખાતેદારની કોઈ સંમતી નથી તેમ ઠરાવી એન્ટ્રી નામંજુર કરતો હુકમ કરેલ અને આવી હકીકત રેકર્ડ પર હોવા છતા અને આવો હુકમ લે.રે.કોડની કલમ ર૦૩ અને નિયમ ૧૦૮(૫) મુજબ અપીલ અને રીવીઝનને પાત્ર હોવા છતા અને તેના વિરુધ્ધ આરોપી નં.ર જયોતીન્દ્ર પટેલે કોઈ અપીલ કે રીવીઝન કરેલ ન હોવા છતા અને એન્ટ્રી નામંજુર કરવાના હુકમમાં કોઈ ફેરફાર થયેલ ન હોવા છતા તેના અંદાજે નવ વર્ષ બાદ એટલે કે તા.૭/૧૦/ર૦૦૮ ના રોજ ફરી વખત આ જમીનના રેવન્યુ રેકર્ડમા આરોપી નં.ર નુ નામ ખાતેદાર ખેડુત તરીકે દાખલ કરવા માટે પ્રયત્ન કરતા નોંધ નં.૬૭૦ પાડવામા આવેલ હતી.વધુમાં આવી નોંધ તે આરોપી નં.ર ની અરજીના આધારે નહી પરંતુ આરોપી નં.૩ ત્રાહીત વ્યકિત જે આ જમીન ખરીદવા માંગે છે તેઓની અરજીના આધારે પાડવામા આવેલ હતી અને આ નોંધ અરજદાર/આરોપીએ અગાઉ નોંધ નામંજુર થયેલ છે, તેના વિરુધ્ધ રીવીઝન કે અપીલ દાખલ થયેલ નથી કે અગાઉના હુકમમાં કોઈ ફેરફાર થયેલ નથી તેમ છતા કાયદો અને નિયમોની જોગવાઈઓને બાયપાસ કરી અરજદાર/આરોપીએ પોતાના હોદાનો અપ્રમાણીકપણે દુરુપયોગ કરી અંગત લાભ મેળવવા અને પહોચાડવાના એકમાત્ર ઈરાદાસર

તા.૧૦/૧૨/૨૦૦૮ ના રોજ તેઓએ નોંધ મંજુર કરવા હુકમ કરેલો છે એટલુ જ નહી પરંતુ વીલ માત્ર ગોરધનભાઈ પટેલે કરેલ હોવા છતા જમીનના રેવન્યુ રેકર્ડમાથી કમળાબેન પટેલનુ નામ પણ કમી કરી દીધેલ છે અને એકમાત્ર ખાતેદાર ખેડુત તરીકે આરોપી નં.૨ નુ નામ દાખલ કરી દીધેલ છે અને ત્યારબાદ અરજદાર/આરોપી તથા આરોપી નં.૨,૩ નાઓએ એકબીજાના મેળાપીપણામા રજી.વે.દ.નં.૩૪૩/૨૦૧૦ તા.૨૩/૩/૨૦૧૦ તથા રજી.વે.દ.નં.૩૫૪/૨૦૧૦ તા.૨૫/૩/૨૦૧૦ થી ફરીયાદવાળી જમીન આરોપી ન.૨ નાએ આરોપી નં.૩ ને વેચાણ આપી દીધેલ છે અને તે દસ્તાવેજોના આધારે રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નં.૭૨૦ અને ૭૨૧ પડાવી જમીનના રેવન્યુ રેકર્ડમા આરોપી નં.૩ નુ નામ દાખલ કરાવી દીધેલ છે.વધુમાં આ એન્ટ્રીઓ પાડતી વખતે આરોપી નં.૩ કાંતીલાલ શાહ જે ખાતેદાર ખેડુત છે કે કેમ ? તેની પણ તપાસ કરવામા આવેલ નથી તેથી અરજદાર/આરોપી તથા આરોપી નં.૨,૩ નાએ એકબીજાના મેળાપીપણામા અંગત લાભ મેળવવા માટે જે સ્કેન્ડલ ઉભુ કરેલ હતુ તેનો ઘટસ્ફોટ વડોદરાના રહેવાસી ત્રાહીત વ્યકિત કમલેશ કૃષ્ણકાંત મહેતાએ તા.૨૫/૧૧/૨૦૧૭ અને તા.૧૦/૬/૨૦૧૯ ના રોજ મહેસુલ વિભાગ સરકારશ્રીને તે અંગેની અરજીઓ કરી તપાસ કરવા માટે માંગણી કરતા તે અરજીઓના આધારે મહેસુલ વિભાગે તપાસ કરવા માટે સીટ ની રચના કરેલ તેમજ કલેકટરશ્રી નર્મદાને અરજી મુજબ મુદા વાઈઝ તપાસ કરી અહેવાલ રજે કરવા માટે આદેશ કરતા કલેકટરશ્રીએ તા.૧/૯/૨૦૨૦,૨/૬/૨૦૨૧,૨૦/૧/૨૦૨૨,૨૫/૧/૨૦૨૩ અને ૧/૧૧/૨૦૨૫ ના રોજ તપાસ કરી મહેસુલ વિભાગને અહેવાલો પાઠવેલા છે.વધુમાં કલેકટરશ્રીએ તપાસ દરમ્યાન એન્ટ્રી નં.૬૭૦,૭૨૦ અને ૭૨૧ ની સત્યતાની ખાતરી કરવા માટે સ્યુમોટો રીવીઝન કેસ નં.૧/૨૦૨૦ દાખલ કરેલ અને તે અન્વયે જરુરી કાર્યવાહી કરી તા.૯/૩/૨૦૨૧ ના રોજ આ નોંધ ગેરીરીતી આચરી પાડવામા આવેલ હોય નામંજુર કરવા તેમજ આરોપી નં.૨ અને ૩ બીનખેડુત હોવા છતા તેઓએ પોતાના નામે જમીનમા ખાતેદાર ખેડુત તરીકે એન્ટ્રી પડાવી લીધેલ હોય જેથી ગણોતધારાની કલમ ૮૪(સી) તથા સુધારેલ કાયદા મુજબ કલમ ૬૩(એડી) મુજબ આરોપી નં.૨,૩ વિરુધ્ધ અલગથી કાર્યવાહી કરવા મામલતદારશ્રી ગરૂડેશ્વરને હુકમ કરેલ જેના અનુસંધાને મામલતદારશ્રી ગરૂડેશ્વરનાઓએ ટેનન્સી કેસ નં.૧૨/૨૦૨૧ દાખલ કરી આરોપી

નં.૨,૩ ને નોટીશ ઈસ્યુ કરેલ જે પૈકી એક આરોપીએ હાજર થઈ લેખીત જવાબ રજુ કરેલ જયારે અન્ય આરોપી હાજર થયેલ ન હતા ત્યારબાદ મામલતદારશ્રીએ તા.૨૯/૯/૨૦૨૧ નારોજ આરોપી નં.૧ ને રૂા.૭૩,૯૩,૨૦૦/- તથા આરોપી નં.૩ ને રૂા.૫૫,૪૫,૯૫૦/-તેમ કુલ રૂા.૧,૨૯,૩૯,૧૫૦/-નો દંડ એક માસમા સરકારશ્રીમા ભરવા માટે હુકમ કરેલ જે તેઓએ ભરપાઈ કરેલ નથી.વધુમાં આરોપી નં.૨,૩ નાએ કલેકટરશ્રી નર્મદાનાઓએ એન્ટ્રી નં.૬૭૦,૭૨૦,૭૨૧ નામંજુર કરતો હુકમ કરેલ તેના વિરુધ્ધ ખાસ સચિવ,મહેસુલ વિભાગ (વિવાદ),અમદાવાદમા અપીલ દાખલ કરેલ જે અપીલ પણ ખાસ સચિવશ્રીએ તા.૪/૮/૨૦૨૩ ના રોજ નામંજુર કરતો હુકમ કરેલ છે.વધુમાં અરજદાર/આરોપી તથા આરોપી નં.૨,૩ નાએ ગુનાહીત કાવતરુ રચી આરોપી નં.૧ નાએ પોતે મામલતદાર જાહેર સેવક હોવા છતા અપ્રમાણીક ઈરાદાસર પોતાના હોદાનો દુરુપયોગ કરી પોતાને તથા આરોપી નં.૨,૩ ને અંગત લાભ પહોચાડવા માટે ગુનાહીત કૃત્ય આચરેલ છે તેવા સંજોગોમા એન્ટ્રી નામંજુર કરતા હુકમ સામે અપીલ તથા રીવીઝનની જોગવાઈ થયેલ છે માટે અરજદાર/આરોપીના કૃત્યને ગુનાહીત કૃત્યમા ખપાવી શકાય નહી તેવી અરજદાર/આરોપીની રજુઆત વ્યાજબી જણાય આવતી નથી. વધુમાં આરોપી નં.૨ નાએ આરોપી નં.૩ વિરુધ્ધ ફરીયાદવાળી જમીનના બોગસ દસ્તાવેજો કરાવી લેવા માટે ગરુડેશ્વર પો.સ્ટે.મા ફરીયાદ દાખલ કરેલ છે અને તેનો ફોજદારી કેસ ગરુડેશ્વર કોર્ટમા પેન્ડિંગ છે. તે જ રીતે આ બંને આરોપીઓ વચ્ચે ગરૂડેશ્વર કોર્ટમા દિવાની દાવો દાખલ થયેલ છે અને તેમા પક્ષકારો વચ્ચે સમાધાન થઈ ગયેલ છે તેવી રજુઆત પણ અરજદાર/આરોપી તરફે કરવામા આવેલ છે પરંતુ તે બતાવતા કોઈ દસ્તાવેજી પુરાવા અરજદાર/આરોપી તરફે રજુ કરવામા આવેલ નથી.વધુમાં અરજદાર/આરોપી તે જે તે સમયે મામલતદાર એટલે કે સરકારી કર્મચારી જાહેર સેવક હોવા છતા તેને આરોપી નં.૨ તથા ૩ સાથે મળી અપ્રમાણીક ઈરાદાસર ગુનાહીત કાવતરુ રચી પોતાના હોદાનો દુરુપયોગ કરી ફરીયાદવાળી જમીન ગેરકાયદેસર રીતે એન્ટ્રી પાડી પ્રથમ આરોપી નં.૨ ના નામ પર તે ખેડુત ન હોવા છતા ખાતેદાર ખેડુત તરીકે ચડાવી દીધેલ અને ત્યારબાદ આરોપી નં.૨ નાએ આરોપી નં.૩ ખેડુત ન હોવા છતા તેને રજી.વેચાણ દસ્તાવેજથી જમીન વેચી નાખી તેના નામની રેવન્યુ રેકર્ડમા એન્ટ્રી પડાવી ખાતેદાર ખેડુત તરીકે તેમના

નામે જમીન કરી દઈ અરજદાર/આરોપીએ આરોપી નં.૨ ,૩ સાથે મળી ગુનાહીત વિશ્વાસઘાત કરી અંગત લાભ મેળવેલ છે અને તેથી પી.સી.એકટ ૧૯૮૮(૨૦૧૮ ના સુધારેલ કાયદા મુજબ) ની કલમ ૧૩(૧)(એ) અને (બી) મુજબનો ગુનાહીત કૃત્ય આચરેલ છે અને પી.સી.એકટની કલમ ૨ મા પબ્લિક સર્વન્ટની જે વ્યાખ્યા કરેલ છે તેમા અરજદાર/આરોપીનો સમાવેશ થાય છે અને તેથી ત.ક.અમલદારે તેના ઉપરી અધિકારી એટલે કે પોલીસ મહાનિર્દેશક સી.આઈ.ડી.ક્રાઈમ એન્ડ રેલ્વેઝ ગુજરાત રાજય ગાંધીનગરને તા.૧૫/૬/૨૦૨૬ ના રોજ આ કલમોનો ઉમેરો કરવા માટે વિ.ચીફ જયુ.મેજી.કોર્ટ રાજપીપળાને જરુરી રીપોર્ટ કરવા મંજુરી માંગેલ છે અને તે અરજીની ઓફીસ કોપી ત.ક.અમલદારે માર્ક ૯/૧ થી રજુ કરેલ છે ત્યારે પી.સી.એકટ ૧૯૮૮ (૨૦૧૮ ના સુધારા મુજબ)ની કલમ ૧૩(૧)(એ)(બી) વંચાણે લેતા તે નીચે મુજબ છે.

> 13(1) A public servent is said to commit the offence of criminal misconduct,-
>
> (a) If dishinestly or fraudulently misappropriated or otherwise concerned for his on use any property entrested to him or any properly under his control as public servent or allows any other person so to do, or
>
> (b) If he intentionally enriches him self illecitly during the period of his office.

૭) આઈ.પી.સી.કલમ ૪૦૯ અને પી.સી.એકટ ૧૯૮૮(૨૦૧૮ ના સુધારા મુજબ)ની કલમ ૧૩(૧)(એ)(બી) વંચાણે લેતા તેના આવશ્યક તત્વો એક જ સરખા જણાય આવે છે ત્યારે આ સંબંધમાં જયારે સ્પે.લો અમલમા આવે ત્યારે જનરલ લોની જોગવાઈઓ પણ અમલમા રહે છે કે કેમ ? તે સંબંધે નામ.સુપ્રિમ કોર્ટ ઓમપ્રકાશ વિ.સ્ટેટ ઓફ યુ.પી.એ.આઈ.આર. ૧૯૫૭ પાના નં.૪૫૮ ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદો વંચાણે લેતા તેમા નામ.સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે,ધી પ્રિવેન્સન ઓફ કરપ્શન એકટની કલમ ૫(૧)(સી) આવવાના કારણ ઈ.પી.કો.કલમ ૪૦૫ રીપીલ થતી નથી તેમજ ધી પ્રિવેન્સન ઓફ કરપ્શન એકટની કલમ ૫(૧)(સી) અને ઈ.પી.કો. કલમ ૪૦૫ બંને એક સરખી નથી અને બંનેના તત્વો અલગ પડ છે તેમજ બંને કલમો એક સાથે થઈ શકે છે તે બાબતે સુપ્રિમ કોર્ટના સિધ્ધાંત પ્રતિપાદિત કરેલ છે આ ચુકાદાના સિધ્ધાંત ધ્યાને લેતા અને ધી પ્રિવેન્સન ઓફ કરપ્શન એકટની કલમ ૫(૧)(સી) કે જે ૧૯૪૭ના એકટની

કલમ છે તે અને ઈ.પી.કો.કલમ ૪૦૫ બંને ગુનો જોતા અને અલગ છે જેથી કલમ ૫(૧)(સી) થી ઈ.પી.કો.કલમ ૪૦૫ રીપીલ થતી નથી આ ચુકાદાના સિધ્ધાંત નજર સમક્ષ રાખતા ધી પ્રિવેન્સન ઓફ કરપ્શન એકટની કલમ ૫(૧)(સી) જે ૧૯૪૭ના એકટની હતી જે હાલની ધી પ્રિવેન્સન ઓફ કરપ્શન એકટ-૧૯૮૮ (૨૦૧૮ ના સુધારા મુજબ)ની કલમ ૧૩ (૧) (એ) અને(બી) ને વંચાણે લેતા નામ.સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે,આઈ.પી.સી.કલમ ૪૦૯ તથા પી.સી. એકટ ૧૯૮૮ ની કલમ ૫(૧)(સી) બંને સીકકાની એકએક બાજુ સમાન છે અને બંનેના આવશ્યક તત્વો વંચાણે લેતા આરોપી સામે બંને ગુના અન્વયે ક્રિમીનલ કાર્યવાહી ચાલવા પાત્ર છે ત્યારે પી.સી.એકટ ૧૯૮૮(૨૦૧૮ ના સુધારા મુજબ) કલમ ૧૩(૧)(એ)(બી)ની જોગવાઈ ધ્યાને લેતા અરજદાર/આરોપી તથા અન્ય આરોપીઓ સામે આઈ.પી.સી.કલમ ૪૦૯ તથા પી.સી. એકટ ૧૯૮૮(૨૦૧૮ ના સુધારા મુજબ) કલમ ૧૩(૧)(એ)(બી) મુજબની એક સાથે ક્રિમીનલ કાર્યવાહી ચાલવા પાત્ર છે અને તેથી અરજદાર/આરોપી તથા અન્ય આરોપીઓ વિરુધ્ધ જેઓએ આઈ.પી.સી.કલમ ૧૨૦(બી) મુજબ ગુનાહીત કાવતરુ રચી ગુનાને અંજામ આપેલ છે ત્યારે તમામ આરોપીઓ વિરુધ્ધ પી.સી.એકટ ૧૯૮૮(૨૦૧૮ ના સુધારા મુજબ) કલમ ૧૩(૧)(એ)(બી) મુજબનો ગુનો બને છે તેવુ પ્રથમ દર્શનીય રીતે જણાય આવે છે અને તેથી પી.સી.એકટ ૧૯૮૮(૨૦૧૮ ના સુધારા મુજબ) ની જોગવાઈઓ મુજબ અરજદાર/આરોપી તથા અન્ય આરોપીઓ વિરુધ્ધ તપાસ આગળ વધારવાની થાય છે ત્યારે પી.સી.એકટ ૧૯૮૮ (૨૦૧૮ ના સુધારા મુજબ) કલમ ૧૭(૧)(સી) ની જોગવાઈ વંચાણે લેતા આવી તપાસ ડી.વાય.એસ.પી.કક્ષાના અધિકારીથી ઉતરતા દરજ્જાના અધિકારી ધ્વારા કરી શકાય તેમ નથી તેમજ આ સંબંધમાં પ્રોસીકયુશન માટેની મંજુરીની પણ જોગવાઈ થયેલ છે જો કે આરોપી નં.૧ હાલ સરકારી નોકરીમા ચાલુ નથી અને તેમને નોકરીમાથી બરતરફ કરી દેવામા આવેલ છે તેથી તપાસ કરનાર અધિકારી મંજુરીના સંબંધમા તે હકીકત પણ ધ્યાને લેવાની થાય છે અને હાલ ત.ક.અમલદારે સ્પષ્ટ રીતે અત્રેની કોર્ટમા જણાવેલ છે કે અરજદાર/આરોપી તથા અન્ય આરોપીઓ વિરુધ્ધ ગુનાહીત કાવતરુ રચી આઈ.પી.સી.કલમ ૪૦૯ ની સાથે પી.સી.એકટ ૧૯૮૮(૨૦૧૮ ના સુધારા મુજબ) કલમ ૧૩(૧)(એ)(બી) મુજબનો ગુનો કરવામા આવેલ

છે અને તે અંગેનો કલમ ઉમેરો કરવાની મંજુરી માંગતો રીપોર્ટ કરવા માટે પોલીસ મહાનિર્દેશક સી.આઈ.ડી.ક્રાઈમ અને રેલ્વેઝ ગુજરાત રાજ્ય ગાંધીનગર સમક્ષ તેઓએ તા.૧૫/૬/૨૦૨૬ ના રોજ અરજી કરેલ છે અને તે અરજી તેમના સમક્ષ મંજુરી અર્થે પેન્ડિંગ છે ત્યારે પી.સી.એક્ટ ૧૯૮૮(૨૦૧૮ ના સુધારા મુજબ) ની જોગવાઈ વંચાણે લેતા સરકારી કર્મચારી ધ્વારા તેના હોદાનો દુરુપયોગ કરી અંગત લાભ માટે તેઓ ધ્વારા અપ્રમાણીક ઈરાદાસર જે ગેરકાયદેસર કાર્યવાહી કરવામા આવેલ હોય અને તેનાથી જે પોતાની કાયદેસરની આવક ઉપરાંતની સંપતિ અર્જીત કરવામા આવેલ હોય આવી સંપતિ આ સુધારેલા કાયદાની જોગવાઈ મુજબ જપ્ત કરવા માટેની પણ ત.ક.અમલદારને સત્તા આપવામા આવેલ છે ત્યારે સરકારી કર્મચારી ધ્વારા આચરવામા આવેલ ભ્રષ્ટાચારના કિસ્સામા જયારે ખાસ કાયદો પી.સી.એક્ટ ૧૯૮૮(૨૦૧૮ ના સુધારા મુજબ) અસ્તિત્વમા છે ત્યારે પોલીસ મહાનિર્દેશક સી.આઈ.ડી.ક્રાઈમ અને રેલ્વેઝ ગુજરાત રાજય ગાંધીનગર ધ્વારા અરજદાર/આરોપી તથા અન્ય આરોપી વિરુધ્ધ આ કાયદા અન્વયે કાર્યવાહી કરવામા આવે,અસરકારક તપાસ કરવામા આવે તે અત્યંત આવશ્યક અને જરુરી જણાય આવે છે અને આ તેઓની કાયદેસરની ફરજ પણ થાય છે ત્યારે તે મુજબ પણ જરુરી હુકમ કરવો જરુરી જણાય આવે છે.

૮) વધુમાં નામદાર ઓરીસ્સા હાઈકોર્ટે MD. SAFIK VS MD. ABDUL GAFFAR CRI. M. C. 1620 Of 1996 Decided On : 07/01/1998, [1999] 0 CrLJ 77 / [1998] 15 OCR 185 / [1998] 0 Supreme(Ori) 137 ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદામા પ્રસ્થાપીત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા તેમા નામ.હાઈકોર્ટે ઠરાવેલ છે કે,( 7 ) WHILE dealing with a similar matter this Court in the case of Upendra Kumar Sahoo, (1996 (11) OCR 53) (supra) found that the accused persons were allowed to go on bail on the ground of their involvement in an offence u/s. 379, I. P. C. though the materials in15 /19 Dt. 12.09.2017the Case Diary was disclosing existence of a prima facie case u/s.395, I. P. C. Taking such facts and circusmtances into consideration and the principle of law it was held that :-"it is the duty of a Magistrate even at the stage of considering the question of bail to the apply judicial mind to find out prima facie the nature of offence alleged to have been committed. Mere

registration of a case under a particular section does not preclude the Magistrate from delving into the matter to find out about the real offence. Of course, endeavour at that stage is to find out a prima facie case and not to come to any definite conclusion. Under Sec. 437, Cr. P. C. , while considering thequestion of bail the Magistrate is to find out about the offence alleged to have been committed. It is prima facie found that an offence punishable with death or imprisonment for life has been committed, the Magistrate has no jurisdiction to release the accused on bail. If on the other hand, it is found that though a case has been registered under a section punishable with death of life imprisonment, if there is no material to support of such allegation, the Magistrate has the power to consider the question of bail. The mere registration of a case under a particular section by the Police is not the end of the matter. Sometimes either due to ignorance or for some other reason or even for some ulterior purpose the Police may register case, apparently under some very serious sections or even less serious sections. The opinion of the Police regarding the nature of offence committed is not conclusive even at the stage of consideration of bail and it is the duty of the Magistrate to find out about the real nature of offence. "with respectful agreement with the aforesaid principle and looking to the facts and materials a prima facie view is taken regarding existence of a prima facie case u/s. 364-A I. P. C. so far against opposite parties 1 to 3. Thus, there is no hesitation to hold that learned S. D. J. M. acted illegal in granting bail to opposite parties 2 and 3 and without considering the nature and granting of the offence.

આમ નામ.ઓરીસ્સા હાઈકોર્ટનો ઉપરોકત ચુકાદાની હકીકત અને તેમા પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત અને તે સાથે હાથપરના કેસની હકીકત વંચાણે લેતા અત્રેની કોર્ટને બેઈલના સ્ટેજે ફરીયાદ તથા તપાસના તમામ પેપર્સ વંચાણે લેતા અરજદાર/આરોપી તથા અન્ય આરોપી વિરુધ્ધ આઈ.પી.સી.કલમ ૧૨૦(બી) તથા ૪૦૯ ની સાથે પી.સી.એકટ ૧૯૮૮(૨૦૧૮ ના સુધારા મુજબ) કલમ ૧૩(૧)(એ)(બી) મુજબનો ગુનો બને છેકે કેમ ? તે પ્રથમ દર્શનીય રીતે ઠરાવવા માટેનો અધિકાર પ્રાપ્ત થાય છે માટે ચુકાદો હાથપરના કેસને લાગુ પડે છે તેમ માનવાને સ્પષ્ટ

કારણ રહે છે.

૯) સમગ્ર હકીકતે,તપાસના પેપર્સ વંચાણે લેતા તપાસ હાલ મહત્વના તબકકા પર પેન્ડિંગ છે તેમજ આ ગુનાના અન્ય આરોપી આરોપી નં.૨,૩ ને ગુનાના કામે અટક કરવાના બાકી છે ત્યારે અરજદાર/આરોપીની આ રેગ્યુલર જામીન અરજી મંજુર કરતા અરજદાર/આરોપી આ ગુનાના અન્ય આરોપીઓ સાથે મળી તપાસ પ્રભાવિત કરે તેમજ જમીનના મુળ માલીક ગોરધનભાઈ પટેલ અને કમળાબેન પટેલના વારસદારોને લાલચ પ્રલોભન આપી તોડવા ફોડવાની કોશીષ કરે તેમજ અરજદાર/આરોપી વિરુધ્ધના ગુનામા જન્મ ટીપ સુધીની સજાની જોગવાઈ થયેલ છે ત્યારે ગુનાની ગંભીરતા અને સજાની જોગવાઈ ધ્યાને લેતા અરજદાર/આરોપીની નાશી ભાગી જવાની શકયતા પણ નકારી શકાય તેમ નથી તેવા સંજોગોમાં અરજદાર/આરોપીની આ રેગ્યુલર જામીન અરજી મંજુર કરવી બિલકુલ વ્યાજબી જણાય આવતી નથી અને તેથી નામંજુર કરવા સીવાય અન્ય કોઈ વિકલ્પ રહેતો ન હોય નીચે મુજબ હુકમ કરવામા આવે છે.

::– **<u>હુકમ</u>** –::

૧) ધી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની ક.૪૮૩ અન્વયેની અરજદાર/આરોપીની હાલની આ જામીન અરજી આથી નામંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨) વધુમાં ઉપરોકત ચર્ચા કર્યા મુજબ હાથપરના કેસમાં અરજદાર/આરોપી પબ્લિક સર્વન્ટ તથા અન્ય આરોપીઓ વિરુધ્ધ આઈ.પી.સી.કલમ ૧૨૦(બી),૪૦૯ સાથે પી.સી.એકટ ૧૯૮૮(૨૦૧૮ ના સુધારા મુજબ) કલમ ૧૩(૧)(એ)(બી) મુજબનો ગુનો પ્રથમ દર્શનીય રીતે બનતો હોવાનુ જણાય આવતુ હોય પોલીસ મહાનિર્દેશક સી.આઈ.ડી.ક્રાઈમ અને રેલ્વેઝ ગુજરાત રાજય ગાંધીનગરનાઓને પી.સી.એકટ ૧૯૮૮(૨૦૧૮ ના સુધારા મુજબ) ની સુધારેલ જોગવાઈ મુજબ તપાસના સંદર્ભમાં આગળની કાર્યવાહી કરવા માટે આ ચુકાદાની એકનકલ તેમને તાત્કાલીક મોકલી આપવા હુકમ કરવામા આવે છે.

આ ચુકાદાની એક નકલ વિ.ચીફ જયુ.મેજી.કોર્ટ,રાજપીપળાને તથા એક નકલ તપાસ કરનાર અમલદારને મોકલી આપવી.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

સ્થળ:–રાજપીપળા

**(અતુલકુમાર વિનોદભાઈ હિરપરા)**

તા.૧૭/૦૬/૨૦૨૬

એડી.સેશન્સ જજ–નર્મદા,મુ.રાજપીપળા
કોડ નં.જીજે.૦૦૬૫૬